# અમરેલી નગરપાલિકા

## જાહેરાત ક્રમાંક ૧૫૪/ ૨૦૨૧/૨૨

અમરેલી નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે નાયબ કમિશ્નરશ્રી મ્યુનિસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી,ગાંધીનગરનાં હુકમ નં. કમિ.મ્યુનિ. એડી./ મકમ-૧/ ફા.નં. ૧૬૪૨/ ફાયર મહેકમ/ વશી ૩૦૩૦/ ૨૦૧૯/ ૧૬૪૩૮ તા. ૨૭/૧૨/૨૦૧૯ થી મંજુર થયેલ જગ્યાઓ માટે મે. પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાની કચેરી, ભાવનગરના હુકમ નં. પ્રા.કમિ.ન.પા./ મકમ/ અગ્નિ નિ. સે. ભરતી બઢતીના નિયમો/ સુધારો/વશી/ ૭૮૩/૨૦૨૧ તા. ૧૫-૦૭-૨૦૨૧ થી મંજુર થયેલ છે. મંજુર થયેલ સેટઅપની જગ્યાઓ પૈકી નીચે મુજબનાં કર્મચારીઓની ભરતી કરવા માટે લાયકાતો નીચે મુજબની રહેશે.

(૬) ફાયરમેન કમ ડ્રાઈવર

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ, લાયકાત, અનુભવ તથા વયમર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ફાયરમેન કમ ડ્રાઈવર | ૩ | ૧૨ | **(૧) વયમર્યાદા**<br>૩૫ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતાં કર્મચારીને લાગુ પડશે નહી.)<br>**(૨) સીધી ભરતીથી શૈક્ષણિક લાયકાત**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ. સી. ( ધોરણ - ૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. (૨) નેશનલ ફાયર એકેડમી (AIILSG) વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ.માંથી ફાયરમેન/ ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/ NCVT પાસ હોવા જોઈએ (૩) લાઈટ(હળવા) મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા હોવાં જોઈએ. (૪) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.<br>**(૩) ટેકનીકલ લાયકાત**<br>(૧) લાઈટ (હળવા)/હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઈએ. (૨) સ્વીમીંગની જાણકારી જરૂરી છે<br>**(૪) શારીરિક ક્ષમતા**<br>(૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ, લીલા કલરનાં તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઉંચાઈ:- મહિલા માટે :- તમામ ઉમેદવાર - ૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૫૬ સે.મી.<br>(૪) વજન:- મહિલા માટે ૪૦ કિ. ગ્રા. લઘુતમ<br>**(૫) શારીરિક કસોટી**<br>(૧) હોઝ પાઈપ સાથેની/ વજન ઉચકીને ૫૦ મીટરની દોડ - ૧૫ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. (૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ ૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. (૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું - ૦૫ મીટર (૪) લાંબી કુદ - ૩.૦૦ મીટર (૫) ઉંચી કુદ - ૧.૦૦ મીટર (૬) તરણ ૧૦૦ મીટર - ૩૦૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br>**(૬) અનુભવ**<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગા ઉપર કુલ નોકરીનાં એક વર્ષનો અનુભવ ધરાવતાં હોવા જોઈએ.<br>**(૭) બઢતીની લાયકાત**<br>નગરપાલિકા ખાતે ફાયર શાખામાં ફાયરમેન/ ખલાસી/ કલીનર/ મજુર/ માર્શલ અથવા તેની સમકક્ષ જગા ઉપર નોકરીનાં કુલ બે વર્ષથી ઓછો ન હોય તેવો અનુભવ ધરાવતાં અને લાઈટ (હળવા)/ હેવી મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા કર્મચારીને બઢતીથી ૧૦૦% જગ્યા ભરવામાં આવશે. |

૧. ઉપરોકત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકા, સરદાર પટેલ ભવન, રૂ. વી. પરીખ બાલમંદિર, કમ્પાઉન્ડ નાગનાથ મંદિર સામે અમરેલી તા.જી. અમરેલી પીન નં. ૩૬૫૬૦૧ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. અન્ય રીતે રજુ થયેલ અરજી રદ કરવાપાત્ર થશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝ ફોટા નંગ-૦૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, તેમજ અનુભવ અંગેના પ્રમાણપત્રની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગ ઉમેદવારે જાતી અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. ઉપરોકત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અરજદારે રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકાનાં નામથી મોકલવાનો રહેશે. અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતી, તથા શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહિ. પરંતુ શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે શા.શૈ. ૫. વર્ગનું નોન ક્રીમીલેયરનું પ્રમાણપત્ર તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે જાહેરાતની તારીખે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે. તેના સિવાય અનામતના લાભો મળવાપાત્ર થશે નહિ.

૪. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. દા. ત. **" ફાયરમેન કમ ડ્રાઈવર તરીકેની અરજી"**

૫. વયમર્યાદા સરકારશ્રીનાં નીતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીનાં નિયમ મુજબ ઉમરમાં છૂટછાટ મળવાપાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત જરૂરી તથા વયમર્યાદા ધરાવતા હોવા જોઈએ.

૬. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગથી અરજી કરવાની રહેશે. અરજદાર દ્વારા એક જગ્યા માટે બે અરજી કરવામાં આવે તો આખરી અરજી માન્ય રાખવામાં આવશે.

૭. નિયત નમુનાનાં અરજીપત્રક જે મુકવામાં આવેલ છે તે જ નમુનામાં અરજી કરવાની રહેશે.

૮. અરજીપત્રક અમરેલી નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં અથવા આ નગરપાલિકા કચેરીની વેબસાઈટ HTTP://AMRELI NAGARPALIKA. IN ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. જે તે જગ્યાઓના અરજી પત્રક અંગેનાં નમુનાઓ આ સાથે સામેલ છે.

૯. અધુરી ફી, સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૦. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/ અધિકાર રહેશે. નગરપાલિકા આ બાબતે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી. ૧૧. અનામત વર્ગનાં ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતનાં કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહી અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો ,લાગું પડશે.

૧૨. સરકારશ્રીની નિતી અનુસાર વર્ગ - (૩) સંવર્ગનાં કર્મચારીઓની પ્રથમ નીમણુંક ૫ (પાંચ) વર્ષના ફિક્સ પગારથી કરવામાં આવશે. વર્ગ -(૩) સંવર્ગના કાર્મચારીઓનો કરારીય સમયગાળો પૂર્ણ થયેથી તેઓને નગરપાલિકાનાં પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર - ભથ્થાં મળવાપાત્ર થશે.

૧૩. માન્યતા પ્રાપ્ત અરજીઓ મુજબનાં ઉમેદવારોની શારીરિક કસોટીમાં જે ઉમેદવાર ઉતીર્ણ થશે તેઓની જ લેખિત પરીક્ષા લેવામાં આવશે. અને નિમણુંક માટે માત્ર લેખિત પરીક્ષાનાં ગુણ ધ્યાનમાં લેવામાં આવશે.

૧૪. ભરતી અંગેની માહિતી અમરેલી નગરપાલિકાનાં નોટીસ બોર્ડ ઉપર તથા અમરેલી નગરપાલિકાની વેબસાઈટ www.amrelinagarpalika.in વેબસાઈટ પરથી મેળવી શકાશે.

૧૫. જાહેરાતમાં આપેલ ફોર્મ નમુના રૂપે આપવામાં આવેલ છે. તેમાં બિડાણ કરવાનાં જરૂરી ડોક્યુમેન્ટ બતાવેલ લાયકાત મુજબનાં જોડવાના રહેશે.

તારીખ /૦૭/૨૦૨૧
સ્થળ:- અમરેલી

**સભ્ય સચિવ**
**પસંદગી સમિતી અને ચીફ ઓફિસર**
**અમરેલી**